## પંડિતો અને પ્રોફેસરો

### લેખાંક : ૪

### ૧. એકસો વીસ આશીર્વાદ

એક પંડિતજી વારંવાર મળવા આવતા. ઘણા જ અભ્યાસુ. હજારો શ્લોક કંઠસ્થ. આવે ત્યારે કલાક-બે કલાક એકધારું બોલે. એમને જૈન સાધુઓનો ઘણો પરિચય હતો. ભણાવવા જતા. ઘણું રોકાતા અને ઘણું કમાઈને પાછા આવતા. મને કહે : ઈસ ચૌમાસે મેં મૈં ચાંદી કી કમાઈ કરકે આયા. હુઆ યૂં કિ મૈં જિન્હેં પઢાતા થા ઉનકે ગુરુજી રોજ શામ કો મુઝે બુલાતે થે. મેરી બાતેં સુનતે થે. મૈં ભી ઉનકો રોજ એકાદ શ્લોક ઐસા જરૂર સુનાતા થા જો ઉન્હોંને સુના ન હો ચાર માસ પૂરે હો ગયે. મૈં વાપિસ આને કે લિયે નિકલ રહા થા. બડે ગુરુજીને મુઝે બુલાયા. મૈંને ઉનકો કહા : મુઝે આપકા આશીર્વાદ ચાહિયે. મૈં ખાલી હાથ નહીં જાઉંગા. ઉન્હોંને પૂછા કિ ક્યા ચાહતે હો ? મૈં બોલા : આપ કો એકસો બીસ શ્લોક સુનાયે. મુઝે એક સો બીસ આશીર્વાદ ચાહિયે. ફિર ક્યા થા ? પાસ મેં હી બડે બડે ભકત ખડે થે. ગુરુજીને ઈશારા કિયા, મુઝે એકસોબીસ ચાંદી કે સિક્કે મિલ ગયે. આશીર્વાદ હો તો ઐસા.

આટલું જણાવ્યા પછી મને કહે : આપકો કોઈ કામ હો તો મુઝે મૌકા દીજીયે. મૈં આપકે સાથ રહૂંગા. આપ, જિસ પક્ષકા સમર્થન કરને કે લિયે બોલેંગે ઉસીકે સમર્થન મેં બોલૂંગા. જિસ પક્ષ કા નિરસન-વિરોધ કરને કે લિયે કહેંગે ઉસકા મૈં નિરસન્ કરુંગા. મુઝે કોઈ હરા નહીં સકતા હૈ. એમના હસ્તાક્ષર એકદમ સરસ હતા. બીજું બધું તો ઠીક, એમની એકસોવીસ આશીર્વાદની કથા સાંભળ્યા બાદ હું સાવધાન થઈ ગયો હતો. મને યાદ હતું કે હું પાર્શ્વપ્રભુના અને શ્રુતદેવતાના આશીર્વાદ લેવા આવ્યો હતો. રૂપેરી આશીર્વાદ હું ન આપી શકયો.

આવા ઘણાય પંડિતો છે બનારસમાં. વિદ્યા અને કળાના પારંગત. ધન કામનાનું પ્રાબલ્ય મોટાભાગે વર્તાતું રહે. સામે પક્ષે એવા પંડિતજીઓ પણ છે. જેમનામાં લોભલાલચ જોવા ન મળે. પણ આવા પંડિતજીઓ જ બનારસની શાન વધારે છે.

### ૨. યુવાનો પરનો સર્વે : SBNR

ફિલીપ કલેટોન.PV માં એક પ્રોફેસર છેક યુએસએથી આવ્યા હતા. વિદ્વાનો માટે તેમનું એક વકતવ્ય યોજાયું હતું. એ જે બોલ્યા હતા તેનો મુખ્ય મુદ્દો હતો : SBNR. આ શબ્દ આંતરરાષ્ટ્રીય સ્તરે ચલણમાં આવી ચૂકયો છે. આત્માને માને અને નિયત ક્રિયાકાંડોમાં રસ ન લે, એવો વર્ગ તે SBNR Spirituad But Not Religion વિશ્વના દરેક ધર્મોમાં ધર્મવકતાઓ છે. તેઓ ધાર્મિક સ્થાનમાં આવે છે અને ક્રિયાઓ અને નિયમોને અનુસરે છે. ધર્મને માનનારા દરેક પરિવારમાં એક સમસ્યા વર્તે છે કે, નવી પેઢીને ધર્મ ગમતો નથી.

એક ગોરો, આધુનિક વિચાર ધરાવતો પુરુષ આ વિષય પર ગંભીરતાથી બોલી રહ્યો હતો. એ દશ્ય ગજબ લાગતું હતું. SBNRની થીમ કંઈક આવી છે : દરેક ધર્મમાં કંઈકને કંઈક સારું ચિંતન છે. પરંતુ કોઈ એક ધર્મમાં બધું જ ચિંતન ઉપલબ્ધ નથી. અલગ અલગ ક્રિયાઓ છે, નીતિ નિયમો છે, પદ્ધતિઓ છે, દરેક ધર્મની. ધર્મના ક્રિયા પક્ષને અને નિયમ પક્ષને જોવામાં આવે છે ત્યારે દરેક ધર્મ એકબીજાથી જુદા પડી જાય છે. પરંતુ ધર્મના આત્મચિંતન પક્ષને વિચારીએ ત્યારે ધર્મ-ધર્મ વચ્ચેની સમાનતા ઉજાગર થવા લાગે છે. પ્રોફેસર એમ સમજાવી રહ્યા હતા કે-



Scanned by CamScanner

નવી પેઢીને આ ધર્મ-ધર્મ વચ્ચેની સમાન બાબતોમાં રસ પડે છે. ક્રિયાઓ અને નિયમો, પોતપોતાની પરંપરા અનુસાર કરો તે અલગ વાત છે. વર્તમાન સમયમાં જેટલા પણ ધર્મ છે તે કેટલા મુદ્દે, એકબીજાની સાથે સમાનતા ધરાવે છે આ વિષય પર યુવાનોને સમજાવવું જોઈએ.

આજનો યુવાન નાસ્તિક છે, પ્રોફેસર કહી રહ્યા હતા. એની પાસે અભ્યાસ અને મનોરંજનની બધી જ સામગ્રી છે. એ બીજા ધર્મને અને પોતાના ધર્મને લડતો જુએ છે. એનું પરિણામ એ આવે છે કે તે ધર્મથી જ દૂર ભાગી જાય છે. સર્વે જણાવે છે કે યુવાનને મૃત્યુ ચિંતન ગમે છે, આત્મ ચિંતન ગમે છે પરંતુ મતભેદ અને હઠાગ્રહ અને કટ્ટરતા માટે યુવાન તૈયાર નથી. એને ક્રિયાઓ સહજ નથી લાગતી.

પ્રોફેસરનું અંગ્રેજી ઘણું જ કઠિન હતું. વળી વિષય પણ અઘરો હતો. સાંભળનારા કંટાળો ન અનુભવે એ જરૂરી હતું. એટલે એ વક્તવ્ય ઘણું લાંબું ચાલ્યું નહીં. માંડ માંડ એકાદ કલાક.

એમણે જે વાત કહી તેનો સારાંશ એ હતો કે, ધર્મ થકી સ્વ-સુધાર (સેલ્ફ ડેવલપમેન્ટ) થાય છે, સમાજનું ભલું થાય છે. (સોશ્યલ વેલ ફેર), શાંતિ મળે છે, (પીસફૂલનેસ) અને નિઃસ્વાર્થભાવ વધે છે. (નોન સેલ્ફીશ વ્યૂ) આ વાતો પ્રચારમાં રહેવી જોઈએ. આ વાતો થકી જ યુવા પેઢી ધર્મ સાથે જોડાયેલી રહેશે.

મતભેદો દરેક ધર્મમાં જોવા મળે છે. ઈસાઈ ધર્મ કે ઈસ્લામિક ધર્મ આંતર વિગ્રહને લીધે પણ વિખ્યાત બનેલા છે. બીજા ધર્મના લોકો આપણા ધર્મમાં ચાલી રહેલા મતભેદોને જોઈને શું વિચારતા હશે ? આ પ્રશ્ન સરસ છે. આ પ્રશ્ન દરેક ધર્મની સામે છે. સ્વામીનારાયણ સંપ્રદાયમાં, વડતાલની ગાદી અને બોચાસણની ગાદી વચ્ચેના મતભેદો હંમેશા ચર્ચામાં રહ્યા છે. આ સમીક્ષા નથી. આ ઉદાહરણ છે. તેરાપંથ પરંપરામાં એક આચાર્યની નીતિ રહી છે. પરંતુ આ પરંપરામાં પણ એક વિદ્રોહી ફાંટો નીકળ્યો છે. મતભેદ સારી વસ્તુ નથી. મતભેદ ન હોય, એવો કોઈ સંપ્રદાય લગભગ જોવા નહીં મળે, એ પણ સાચી વાત છે.

જેને ધર્મ કરવો નથી એને આ મતભેદનું બહાનું કામ આવે છે. જે ધર્મને સમજતા નથી તેને પણ મતભેદ નામની સમસ્યા ખટકે છે. મતભેદ મટી જાય અને શાંતિ પ્રસ્થાપિત થઈ જાય એ સારું લક્ષ્ય છે. સચ્ચાઈ એ છે કે મતભેદ રહેવાના જ છે. છદ્મસ્થ અવસ્થાનો પ્રભાવ રહેવાનો જ છે. SBNR નો મુદ્દો એટલો જ રહે છે. કે નવી પેઢીને જોડવા માટે અલગ કિસમની રજૂઆત થવી જોઈએ. ધર્મ માટે જે જીવ નવાગંતુક છે તેને બાળજીવ કહેવાય છે. બાળજીવને પંડિત જીવની ભૂમિકાવાળી વાતો ન સમજાય એ સ્વાભાવિક છે. બાળદીક્ષાની સુરક્ષા માટે પુરુષાર્થ થયો અને એ સફળ રહ્યો એ જાણીતી વાત છે. SBNR ની મુખ્યતા બાળજીવો છે. આટલું સમજાય છે, બસ બાળજીવો ધર્મને આદર આપે, માનતા થાય એ માટે વ્યવહાર-નય છે. જેવો ધર્મ સમજાવા લાગ્યો કે એને નિશ્ચય-નય ગમવાનો જ છે.

અમેરિકામાં રહેનારા SBNR, ચર્ચમાં નથી આવતા પરંતુ તેઓ આત્મશુદ્ધિ કરવા માંગે છે. વીસ ટકા અમેરિકન આ પ્રકારના SBNR બની ચૂક્યા છે. ભારતમાં પણ આવા SBNR નો સમૂહ છે અને એ વધતો જાય છે. SBNR એક આંદોલન છે. તેનો પ્રચાર તાઈ ચી, યોગ અને રેકી જેવી ચિકિત્સા પદ્ધતિઓ થકી કરવામાં આવે છે. આપણા વર્તુળમાંનો કોઈ યુવાન SBNR તો નથી બની રહ્યો ? તપાસતા રહેવાનું છે. SBNR ના અમુક લક્ષણો છે.

૧. એ ધાર્મિક સ્થાનોમાં થનારા સામૂહિક અનુષ્ઠાનોથી દૂર રહે છે. એને આ વ્યર્થ લાગે છે.

૨. એ ખ્રિસ્તી હોવા છતાં ચર્ચથી દૂર રહે છે. મુસ્લિમ હોવા છતાં મસ્જિદથી દૂર રહે છે અને હિંદુ હોવા છતાં મંદિરથી દૂર રહે છે.



Scanned by CamScanner

૩. એ કોઈ એક ભગવાન કોઈ એક ગુરુ અથવા કોઈ એક ધાર્મિક પરંપરાને સમર્પિત થવા તૈયાર નથી.

૪. એ અશાંતિ અને અવ્યવસ્થાઓ દૂર કરવા માંગે છે. ધર્મશાસ્ત્રની વાતોમાંથી માત્ર આટલું જ લક્ષ્ય એને ઉપયોગી લાગે છે.

૫. એ દુ:ખ પીડા રોગને મટાડવા માંગે છે. માનવ દુ:ખ રહિત બને તે એને ગમે છે.

૬. મૃત્યુ અને મૃત્યુ પછી શું આ વિષય પર એ વિચારે છે.

૭. ધ્યાન, યોગ જેવી પ્રવૃત્તિઓમાંથી એ આત્મ ઉત્થાનની કેડીઓ શોધી લે છે.

એ પ્રોફેસરનું કહેવાનું એમ હતું કે હજારો વરસોથી ચાલી આવતી ધાર્મિક ક્રિયાઓ સામે આ SBNR સમૂહ સંકટ બની શકે છે. સાબદા રહેજો.

**૩. અપરિગ્રહ અને નકલી ઇચ્છાઓ**

એ ગુડગાંવમાં રહે છે. પ્રોફેસર છે. વિજ્ઞાન તેમનો પ્રિય વિષય. વિદેશીઓ સમક્ષ એ જૈન દર્શનની પાયાની વાતો રજૂ કરે છે. એમનું अपरिग्रह આ વિષય પર વકતવ્ય હતું. શ્રોતાઓ વિદેશી જ. એ ઈન્ડસ્ટ્રીઝ, એન્ડ પ્રોડકટ પર લાંબુ બોલ્યા. એક વિદેશીએ જરા ચીડાઈને પૂછ્યું કે વ્હાય યુ આર નોટ ટોકિંગ ઓન અપરિગ્રહ. એમણે ઠંડા કલેજે જવાબ વાળીને વાત ચાલુ રાખી. થોડીજ વારમાં એમણે ઈન્ડસ્ટ્રીઝ પોતાની પ્રોડકટ પર કેટલા પૈસાઓનું રોકાણ કરે છે તેના આંકડાઓ બતાવીને સવાલ કર્યો કે - ડુ યુ નો હાઉ ધીઝ ઈન્ડસ્ટ્રીઝ રિકવર ધેર મની ? શું તમને ખબર છે આ ઈન્ડસ્ટ્રીઓ પોતાના પૈસા કેવી રીતે રિકવર કરે છે ? ધે ડુ માર્કેટિંગ, તેઓ પ્રચાર કરે છે. એન્ડ વોટ ધે ડુ બાય માર્કેટિંગ ? ધે ક્રિયેટ આર્ટિફિશ્યલ ડિઝાયર્સ ઈન માઈન્ડ ઓપ કોમન મેન. તેઓ સામાન્ય માણસના મનમાં નકલી ઈચ્છાઓ ઊભી કરે છે. એન્ડ યુઝિંગ ધોઝ ડિઝાયર્સ ધે રિકવર મની બાય સેલિંગ પ્રોડકટસ અને સામાન્ય માણસનાં મનમાં ઊભી કરવામાં આવેલી ઈચ્છાઓનો ફાયદો ઊઠાવીને તેઓ પોતાના પૈસા ફરી કરે છે. ઈન ધીઝ પ્રોસેસ, એડવર્ટાઈઝમેન્ટસ હેવ અ બીગ રોલ. આ પ્રક્રિયામાં જાહેરાતનો રોલ મોટો હોય છે. ધે ક્રિયેટ ડિઝાયર્સ જાહેરાત ઈચ્છા જન્માવે છે. એન્ડ યુઝલેસ થિંગ્સ બી કમ્સ સેલેબલ. જાહેરાતને કારણે બીન ઉપયોગી વસ્તુઓનું વેચાણ થવા લાગે છે. કન્ઝ્યુમર પેઝ મની એન્ડ કંપની ગેટસ રિકવરી ગ્રાહક પૈસા ચૂકવે છે અને કંપનીના પૈસા છૂટા થાય છે.

વકતા હવે મુદ્દા પર આવ્યા. તમારા મનમાં ઈચ્છા ઊભી થાય છે એ શું છે ? એમણે પૂછ્યું શ્રોતાઓ ચૂપ શું કામ રહે ? એ શરૂ થઈ ગયા : તમારી ઈચ્છાઓ બે પ્રકારની છે. એક, સ્વાભાવિક ઈચ્છા જે અંદરથી આવે છે. આ ઈચ્છાની માંગ વધારે નથી. બીજી છે, અસ્વાભાવિક ઈચ્છા, આ ઈચ્છા વાતાવરણની અસરમાંથી બની આવે છે. વ્હોટ અપરિગ્રહ નીડ્સ, ઈઝ અન્ડર સ્ટેન્ડીંગ આર્ટિફિશ્યલ ડિઝાયર્સ અને ઈગ્નોરિંગ ધેમ. બિકોઝ, ધેર ઈઝ નો એન્ડ ઓફ સચ ડિઝાયર્સ, અપરિગ્રહનો સિદ્ધાંત કહે છે કે જે અસ્વાભાવિક ઈચ્છા છે તેને ઓળખવાનું શરૂ કરો. અને તેની ઉપેક્ષા કરવા માંડો. કેમ કે આવી ઈચ્છાઓનો કોઈ અંત જ નથી. આજના તમામ ઉદ્યોગપતિઓ, અસ્વાભાવિક ઈચ્છા ઊભી કરે છે. દાંત ઘસવાની સામગ્રી હોય કે રસોઈમાં નાંખવાનો મસાલો હોય કે બાળક માટેના બૂટ હોય કંપનીઓ એવું મનમાં ઠસાવી દે છે કે આ વસ્તુ વગર તમને ચાલશે જ નહીં

આમાં બે વાત બને છે : એક એ કે તમે બીનજરૂરી રીતે પૈસા વાપરી નાંખો છો અને સંગ્રહ વધારો છો. બીજી એ કે પૈસાની જરૂર વધારે પડે છે કેમ કે ઘણું બધું લેવાનું મન થયા જ કરે છે. ઘરમાં સામગ્રી વધે છે તે પરિગ્રહ છે. સામગ્રી માટે પૈસા ઊભા કરવાનો પુરુષાર્થ વધે છે અને પૈસા વધે છે તે પરિગ્રહ. જો ઘણી બધી સામગ્રી વિના ચલાવી લેવાનું ફાવી જાય તો પરિગ્રહ ઘટે અને તનાવ ઘટે. તનાવ સામગ્રી ભેગી



Scanned by CamScanner

કરવાનો તનાવ સામગ્રી સાચવી રાખવાનો. તનાવ પૈસાની ઈનકમ વધારતા રહેવાનો. જૈન દર્શન કહે છે કે ઘણી બધી સામગ્રી એવી છે જેના વગર તમને ચાલી શકે છે. આ મામલે તમે સ્પષ્ટ થઇ જાઓ અને એ સામગ્રી વિના રહેવાનું શીખી લો. ધિઝ ઇધ ધ વે ઓફ પીસફૂલ લાઈફ. તનાવ વિનાની જીંદગીનો આ સીધો રસ્તો છે.

શ્રોતાઓએ ભરપૂર તાળીઓ પાડી હતી. मुच्छा परिग्गहो वुत्तो આ પંક્તિ સૌના વિચાર તંત્રને સ્પર્શી ગઈ. અપરિગ્રહનો મુખ્ય મુદ્દો સ્પષ્ટ થઇ ગયો.

ગુડગાંવના એ પ્રોફેસરનું નામ છે વિનય જૈન. તેઓ એકેડમિક લેકચરર છે. પ્રબુદ્ધ વિદ્વાનોને જ વ્યાખ્યાન આપે છે, પ્રબુદ્ધ વિદ્યાર્થીઓ અને શ્રોતાઓને સમજાય એમની વાત અને શૈલી. આદરથી એમને વિનય સર કહે છે. આજ સુધી આ વિષય પર સેંકડો સેંકડો વિદેશીઓને તેઓ કન્વિન્સ કરી ચૂક્યા છે.

તેમની રજૂઆતમાં ન ઉપદેશનો સૂર હતો, ન ભાવનાત્મકતા. તદ્દન સપાટ ભાષામાં પાઠ્યક્રમની જેમ તેઓ સમજાવી રહ્યા હતા. સેશન બે કલાકનું હતું.

તેમની સાથે મારે સારો ઘરોબો બન્યો હતો. તેઓ લેશ્યા, સાક્ષિભાવ, વીતરાગ અવસ્થા જેવા વિષયો પર વૈજ્ઞાનિક ઢબે વકતવ્ય આપવા માટે જે જે પૂર્વ તૈયારી કરી રહ્યા હતા તે બધું મને બતાવતા. મારો અભિપ્રાય પૂછતા અને મારાં સૂચનો સ્વીકારતા. એમની નમ્રતા એટલે કહેવું પડે. માનવામાં ન આવે.

### ૪. દિગ્ગજ વિદ્વાન દિગંબર મુનિ

એક દિગંબર મહાત્મા મળ્યા હતા.ઘણી વાતો થઈ હતી. છેવટે તેમણે કહેલું કે : તમે કપડાં પહેરો છો એટલે પરિગ્રહી છો. હું કપડાં નથી પહેરતો એટલે અપરિગ્રહી છું. તમારે મને પગે લાગવું જોઈએ. જો તમે મને પગે નહીં લાગો તો સમાજમાં સૌ કહેશે કે તમે અભિમાની છો અને વિનયરહિત છો.

આ સાંભળીને હું અચંભિત થઇ ગયો હતો. એ વખતે જ નક્કી કરી લીધેલું કે હવે બીજા કોઈ દિગંબર મહાત્માને ન મળવું. ઘણા સમય પછી સમાચાર મળ્યા કે 'श्रुत सागरजी महाराज' बनारस आ रहे हैं' આ મહાત્મા હાઈલી એજ્યુકેટેડ છે એવી જાણકારી મળી હતી. તેઓ પ્રાકૃત, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, મરાઠી, ગુજરાતી, બંગાળી, તમિળ, કન્નડ જેવી ભાષાઓમાં બોલે છે. અને લખે છે, એટલું જ નહીં મોટી મોટી પંડિત પરિષદોને સંબોધિત કરે છે એવું પણ જાણવા મળ્યું. જૂનો અનુભવ ખરાબ હતો. તે છતાં આમને મળી શકાય એવો વિચાર બન્યો અને મુલાકાત થઈ.

સૌથી પહેલાં મેં એમને જૂનો અનુભવ કહ્યો. એ હસી પડ્યા, કહે : मेरा आईक्यू अच्छा है महाराजजी.

અને પછી વાતોનો દૌર ચાલ્યો હતો. તેઓ ભાષાઓનાં ધુરંધર જ્ઞાતા હતા એની સાથે સાથે, ભાષાવિજ્ઞાન પર પણ તેમનો જબરદસ્ત કમાન્ડ હતો. કાશ્મીરથી કન્યાકુમારી અને બંગાળથી બોમ્બે સુધીની પટ્ટીમાં ક્યાં, કઈ ભાષાને, કેવા ઉચ્ચારને કારણે, કેવું સ્વરૂપ મળે છે. તેની ચર્ચા તેઓ બખૂબી કરી રહ્યા હતા. દિગંબર પરંપરાની શૌરસેની પ્રાકૃત ભાષામાં તેમણે એક આખું પુસ્તક લખ્યું હતું. કોઈ પ્રાચીનશાસ્ત્રનો ટીકાગ્રંથ. વિદેશી લોકો સાથે શુદ્ધ અંગ્રેજી ભાષામાં વાર્તાલાપ કર્યો હતો એમણે, એ જોવા મળ્યું. શાસ્ત્રીય પદાર્થોની ચર્ચામાં એ ઝીણવટપૂર્વકનું વિવેચન કરી શકયા હતા. એક આશ્ચર્યની વાત એ હતી કે તેઓ ચિત્રો દોરતા હતાં. આકાર માટે રેખાંકન અને તેમાં રંગપૂરવણી આ બેય તેઓ કરતા હતા. અર્થાત્ ચિત્રકલામાં પણ તેઓ માહેર હતા. ધ્યાન નિમગ્નતાનો તેમનો અધ્યાસ ઘણો ઊંડો હતો. દરેક દર્શનાર્થી સાથે વાત કરતા. સૌને એકાદ સુવાકય પકડાવી રવાના કરતા અને અમારી વાત ચાલુ રહેતી. તેઓ સતત હસતા રહેતા. બેઠા હતા પણ તેમની ઉર્જા અક્ષુણ્ણ હતી.

દિગંબર અને શ્વેતાંબર પરંપરા વચ્ચેનો જે સિદ્ધાંત



Scanned by CamScanner

ભેદ છે તે પોતાની જગ્યાએ રહે અને ફકત એક વિદ્વાનને જોવાની દૃષ્ટિ રાખવામાં આવે તો આ દિગંબર મહાત્મા દિગ્ગજ વિદ્વાન હતા. મોટામાં મોટા પંડિતો પણ એમનાથી ડરે એવો એમનો બોધ. ધુરંધરોનેય પડકારી શકે તેવી પ્રતિભા. નીડર અને સ્પષ્ટ.

એમણે ન હાથ જોડવા કહ્યું, ન પગે લાગવા કહ્યું सतां सद्भि संग : कथमपि हि पुण्येन भवति । આ કડી તેમણે સંભળાવી હતી.

ભક્તોની ભૂલો ભક્તોને સમજાવે એવા મહાત્માઓથી જ સાધના માર્ગની પ્રગતિ થાય છે. પ્રોફેસરો અને પંડિતોને એમની ભૂલ સમજાવી શકે એવા મહાત્મા ઘણા ઓછા જોવા મળે. તેમણે કહેલી આ વાતો યાદ રહી ગઈ.

● હું હિંદુ મંદિરોમાં વ્યાખ્યાન આપવા જઉં ત્યાંય ગીતાના શ્લોક ટાંકીને એમને ઠપકારું. એ લોકો ચોંકી જાય એવા ચાબખા મારું. એ લોકો સાંભળી લે. એમને લાગવું જોઈએ કે જૈન સંતનો પ્રભાવ ઊંચો હોય છે. આજ સુધી ક્યાંય નારાજગી નથી બની.

● હું પંડિતોની પર્ષદામાં व्याकरण ના સૂત્રોના આધારે દલીલો રજૂ કરું. સંસ્કૃત ભાષામાં જ બોલીને એમને સમજાવું કે તમે જૈન દર્શનને પરાયું માનો છો તે ખોટું છે.

● જૈનસાધુઓ, સંસ્કૃતમાં, પ્રાકૃતમાં કે અંગ્રેજીમાં વ્યાખ્યાન આપે છે તે જોઈને પંડિતો, હિન્દુઓ અને વિદેશીઓ સ્તબ્ધ બની જાય છે. હું આને ધર્મ પ્રભાવના માટે ઉપયોગી માનું છું.

### ૫. ડબલ પીએચડી

ભારતમાં રહીને વિદેશી દર્શનશાસ્ત્ર પર પીએચડી કરે અને વિદેશમાં રહીને ભારતીય દર્શન શાસ્ત્ર પર પીએચડી કરે, એવી વ્યક્તિને શું કહીશું ? ડબલ પીએચડી. આ વ્યક્તિના લગ્ન જેની સાથે થયા હોય તે પણ પીએચડી હોય એને શું કહેવાય ? ટ્રીપલ પીએચડી ?

વિદેશમાં સ્થાયી બની ચૂકેલા આવા એક વિદ્વાનને મળવાનું થશે, એની કલ્પના નહોતી. એમના શ્રીમતીજી વિદેશી હતા. એ સન્નારી, જૈન સ્ટોરીઝ : કલ્ચર એન્ડ કન્સેપ્ટ - આ વિષય પર ઊંડો અને લાંબો અભ્યાસ કરી ચૂક્યા હતા અને હજી અભ્યાસ ચાલુ હતો એમનો. મહાસતી, શ્રમણી વિદુષી જેવી અલગ અલગ કક્ષાની મહિલાઓ પર એમણે ખાસ્સું બધું સાહિત્ય વાંચી લીધું હતું. જૈન કથાઓમાં જે પેટર્ન જોવા મળે છે તે વિશે તેઓ આદરભાવે વાત કરતા હોય છે. તેમને આ વિષય પર બોલવાનું હોય તો મહિનાઓ સુધી બોલી શકે એટલી બધી સામગ્રી તેમની પાસે તૈયાર. શાસ્ત્રનાં નામ, કથાનો, નાયક-પ્રતિનાયક-ખલનાયક પરિવારજન-મિત્રજન-ગુરુજન, આ સૌ પાત્રો એમને નામ સાથે યાદ હોય. અત્યારે બરોબર યાદ નથી આવી રહ્યું પણ લગભગ એ મહિલા જર્મનની હતી. આ મહિલાના પતિદેવ. ભારતીય દર્શન અને પાશ્ચાત્યદર્શનના ઊંડા અભ્યાસુ, જયેન્દ્ર સોની, નામ.

જૈન દર્શન વિશે, ષટ્દર્શન વિશે તેઓ વકતવ્ય આપે અને બનારસની શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ તે સાંભળે, પ્રમાણ પ્રમેય પ્રમાતા, અને પ્રમિતિ, આ વિષય પર તેમનું વકતવ્ય યોજાયું હતું તે સાંભળ્યું. આજના સમયમાં આ વિષય પર વકતવ્ય થાય એ છે સુખદ આશ્ચર્યની વાત હતી. તેઓ વિષય નિરૂપણ પણ કરી રહ્યા હતા, શાસ્ત્રપાઠો પણ ટાંકી રહ્યા હતા. વિષયમાં નિહિત ગૂઢ મુદ્દાઓને સ્પર્શી રહ્યા હતા અને કોઈ પ્રશ્ન પૂછે એનો જવાબ પણ આપી રહ્યા હતા. તેઓ જે પ્રશ્ન વિષયને અનુરૂપ હોય એનાથી રાજી થતા પરંતુ વિષયને અનુરૂપ પ્રશ્ન ન હોય એનાથી ખુશ ન થતા. થોડો કડક સ્વભાવ.

તેમની સાથે ઘણો વાર્તાલાપ થયો હતો. એક સમય હતો જ્યારે દરેક દર્શનમાં પ્રમુખ ગ્રંથકારો અન્ય દર્શનનું ખંડન કરવા માટે ગ્રંથો રચતા અને વિસ્તૃત ટીકાઓ લખતા. આજે એ પરંપરા એક સીમિત



Scanned by CamScanner

વર્તુળમાં સમાઈને બેઠી છે. આ પ્રોફેસરનું વકતવ્ય ચાલુ હતું તેમાં પ્રશ્ન આવ્યો હતો કે પ્રમાતા અને પ્રમિતિને અલગ કેવી રીતે માની શકાય ? આ વિષય પર એમણે આ મુજબ જવાબ આપ્યો હતો : જે વસ્તુને જાણે છે કે પ્રમાતા છે. વસ્તુની જાણકારીને પ્રમિતિ કહેવાય. સાધારણ મનુષ્યોમાં દરેક વિષયની જાણકારી હોતી નથી. થોડાક વિષયની જાણકારી હોય છે. જેણે જે જાણ્યું તેવી પ્રમિતિ તેનામાં હોય. આ પ્રમિતિ પહેલેથી નહોતી. આ પ્રમિતિ પાછળથી આવી છે. આ પ્રમિતિ થઈ નહોતી ત્યારે પણ પ્રમાતા હતો. પ્રમિતિ વિનાનો પ્રમાતા. વિશેષ પ્રમિતિને લઈને વિચારીએ તો મળી આવે છે. આને કારણે એમ કહી શકાય કે પ્રમાતા અને પ્રમિતિ અલગ છે. પરંતુ પ્રમિતિ કેવળ પ્રમાતામાં જ રહે છે. પ્રમિતિ પ્રમેયમાં નથી રહેતી. પ્રમિતિ પ્રમાણમાં નથી રહેતી. પ્રમિતિ વિશે જેટલા વાક્યો લખાય કે બોલાય એટલા જ સંવાલ પૂછવાનું મન થાય. આ વિષય જ એવો છે.

હું મને પૂછતો રહ્યો : શું હું પ્રમાણ, પ્રમેય, પ્રમાતા અને પ્રમિતિ આ વિષય પર બોલી શકું એમ છું ? સમજો કે બોલું તો શું આ વિષયને સાંભળવા ઉત્સુક હોય અને સક્ષમ હોય તેવા શ્રોતા મળે ?

બનારસનું વાતાવરણ બોધપાઠ આપતું હોય એ રીતે જવાબ મળતો રહ્યો. આવા વિષય પર ન હું બોલી શકું એમ છું. અને મને જે શ્રોતા મળે છે તે આવા વિષય સમજી શકે એમ નથી.

**૬. પોતાની શૈલી : પોતાના વિચાર**

● એક મૂર્તિશાસ્ત્ર અને શિલ્પશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન. દરેક વિદેશી ટીમ માટે એમનું વ્યાખ્યાન યોજાય જ : હિંદુ મંદિરો અને જૈન મંદિરોમાં સમાનતા કેટલી છે અને ભિન્નતા કેટલી છે તેની પર વિસ્તારપૂર્વક સમજાવે. મંદિરો અને મૂર્તિઓ અંગે મહત્વપૂર્ણ જાણકારી આપે. તેઓ મંદિર નિર્માણ કરવાવાળા સોમપુરા નથી. તેઓ ભારતના પ્રાચીન મંદિરોના શિલ્પનિર્માણ સંબંધી વિવિધ વિષયોના પ્રખર જાણકાર છે. અંગ્રેજીમાં ફાડફાડ બોલે. દિંગબર જૈન મૂર્તિઓને આંગી નથી ચડતી. કેમ કે તેઓ મૂર્તિને કેવળ વીતરાગ દશાનું પ્રતિબિંબ માને છે. શ્વેતાંબર પરંપરામાં થનારી અંગરચના, વીતરાગ દશા સાથે સુસંગત નથી એવું તે વિદેશીઓને સમજાવે છે. સમગ્ર જૈન પરંપરાને સમજવા માટે બેસેલો જિજ્ઞાસુ કોઈ એક પરંપરાના વિચાર સાંભળે છે. એ વખતે એની પાસે અન્ય પરંપરાની જાણકારી કે રજૂઆત પહોંચી હોતી નથી. તેથી આવા વિધાનો પર નવાગંતુક જિજ્ઞાસુ દલીલ કે પૃચ્છા કરી શકતા નથી. અલબત્ત ગોમ્મટેશ્વર બાહુબલીજી તેમ જ અન્ય મહાપ્રતિમાઓ પર અલગ અલગ સામગ્રીથી જે વિસ્તૃત મહાઅભિષેક થાય છે તે વીતરાગ દશા સાથે સુસંગત છે કે નહિ તેની ચર્ચા થતી નથી. મારો આશય ચર્ચા કરવાનો નથી.

● અન્ય એક વિદ્વાન ન્યાયશાસ્ત્રના પ્રવીણ વકતા. તેઓ ભારતીય પ્રમાણ શાસ્ત્ર પર બોલી રહ્યા હતા તેમાં જૈન પરંપરાના મંતવ્યોનું ખંડન કરનારાં દર્શનોને વિસ્તારથી સમજાવવા લાગ્યા. નવાગંતુક શ્રોતાને એમ જ લાગે કે જાણે જૈન દર્શન ખરેખર, અમુક અંશે કમજોર છે.

● અન્ય એક વિદ્વાન, આગમ શાસ્ત્ર પર વકતવ્ય આપી રહ્યા હતા તેમાં બોલ્યા કે-'જૈન દર્શનમાં જે આગમસૂત્રો છે તે અર્થપ્રધાન છે. લિપિકારો એટલે લહિયાઓ આગમ સૂત્રનું હસ્તલેખન કરે છે ત્યારે શબ્દોને બદલી શકે છે. ખ્યાલ એણે એ રાખવાનો કે, અર્થ ન બદલાય.' એમની રજૂઆત એવી હતી કે જાણે આગમસૂત્રોના શબ્દો, સૈકાઓ સૈકાઓમાં બદલાતા રહ્યા છે.

આવા ઘણાય વકતાઓ અને પ્રતિપાદનો બનારસમાં જોવા મળે છે. આજે વિદ્વાનોની હમણાં વાત કરી તે જૈન ધર્મ કે કોઈ એક પરંપરાના વિરોધ માટે બોલે છે એવો એમનો આશય નથી હોતો. અહીં



Scanned by CamScanner

પદ્ધતિ એ છે કે વિષય પ્રતિપાદનની સાથે વક્તા પોતાનો વિચાર પણ રજૂ કરે છે. આપણી મૂળભૂત પરંપરા એ છે કે પૂર્વ મહાપુરુષોની સામે આપણો કોઈ વ્યક્તિગત વિચાર હોઈ જ ન શકે. આપણે આને સમર્પણ ભાવ કહીએ છીએ. એજ્યુકેશન ફિલ્ડમાં આ સમર્પણ ભાવનું વધારે મહત્ત્વ નથી. અહીં પ્રમાણ પુરસ્સર અને તર્કબદ્ધ વાતોનું જ મહત્ત્વ છે. આ વક્તાઓ અન્ય દર્શન માટે બોલે ત્યારે એ જ દર્શનની સમીક્ષા કરે એવું પણ બનતું હોય છે. વિષયનું નિરૂપણ કરવું એ કળા છે.તેમ વિષયનું પરીક્ષણ કરવું એ પણ કળા છે એવું દૃઢતાપૂર્વક માને છે આ વિદ્વાનો. સાચો વિદ્વાન વિષયનું પરીક્ષણ કરે છે અને છેવટે મુખ્ય વિષયનું સ્પષ્ટીકરણ કરી આપે છે. કાચો વિદ્વાન પરીક્ષણ કરવાની કોશિશ કરે છે. અને ગોથું ખાઈ જાય છે.પરિણામે વિષયને અન્યાય થઈ જાય છે. પરીક્ષણ ન કરવું અને કેવળ નિરૂપણ કરવું એ પદ્ધતિ સહી સલામત છે. પરીક્ષણ કરવું હોય તો જૈન દર્શનનું સ્વમાન, સ્વગૌરવ અને સ્વત્વ અખંડ રહે તે રીતે જ બોલવાનું રહે.

ઘણા બધા પ્રોફેસરો, પંડિતો, વક્તાઓ, શિક્ષકોના અનુભવ લીધા બાદ સમજવામાં આવ્યું કે-જૈન દર્શન વિશે બોલનારા વિદ્વાન ત્રણ પ્રકારના છે.

(૧) અમુક વક્તાઓ એવા છે જે જૈન દર્શન સંબંધી મૂળભૂત વાતોને સમજીને તે વાતને યથાર્થ રૂપે રજૂ કરે છે. સમર્થન અને સ્પષ્ટીકરણ આ બેય ભૂમિકા તેઓ સફળતા પૂર્વક નિભાવે છે.

(૨) અમુક વક્તાઓ એવા છે જે જૈન દર્શનના પારંગત અભ્યાસુ નથી. તેઓ બીજા બીજા વિદ્વાનોનાં પુસ્તકોમાં જે જે નિરૂપણ થયું છે. તે વાંચીને તેના આધારે બોલે છે. આવા વક્તા બોલવામાં ભૂલ કરતા નથી. પરંતુ અમુક વખતે, વિષય નિરૂપણમાં અધૂરપ રહી જાય છે.

(૩) અમુક વક્તાઓ એવા છે જે, પોતાનો વિચાર રજૂ કરવા ઉત્સુક હોય છે. આ વક્તાઓ પચાસ ટકા કે એંશી ટકા વાત બરોબર બોલે છે. પરંતુ બાકીના ટકામાં જે વાત એમના દ્વારા રજૂ થાય છે તે વ્યક્તિગત વિચાર હોય છે. આ વિચાર જૈન દર્શન સાથે સુસંગત હોય એવું દરેક વખતે બનતું નથી.

સાંભળનારો શ્રોતા જાણતો નથી હોતો કે તે કેવા પ્રકારના વિદ્વાનને સાંભળે છે. પરિણામે, એને મળનારો બોધ પણ ત્રણ પ્રકારમાં વહેંચાય છે. જેની એ શ્રોતાને ખબર હોતી નથી.

એક, અમુક બોધ સાચે સાચો હોય છે.

બે, અમુક બોધ અધૂરો હોય છે.

ત્રણ, અમુક બોધ અસંગત હોય છે.

જોકે, શ્રોતાને તો બધી જ વાત અધિકૃત લાગે છે. અધૂરી વાતો અને અસંગત વાતો સાંભળીને જનારો શ્રોતા બહાર, બીજે એ વાતોને જૈન દર્શનની મૂળભૂત વાતો તરીકે રજૂ કરે છે તે પણ તકલીફ છે અથવા એ વાતોનું ખંડન કર્યા કરે છે તે પણ તકલીફ છે.

(૧૨-૨-૧૯)


## વર્ધમાન જ્વેલર્સ

જિન પ્રતિમાજી માટે શુદ્ધ ચાંદીમાં મીનાકારીચક્ષુ, ભ્રમર, ડાયમંડતિલક, સ્ફટિક (કાચ) ના ચક્ષુ, સોના/ચાંદીના વરખ મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થળ છે : વર્ધમાન જ્વેલર્સ

ચાંદી તાંબામાં આંગી, મુગટ-પિછવાઇ, ચૌદસુપન, જડતરના હાર, ડાયમંડની આંગી મુગટ-પાખર બનાવવા માટે અવશ્ય એકવાર મુલાકાત લેશોજી.

**સંપર્ક**

મોતી માણેક કોમ્પલેક્ષ, બીજો માળ, દુકાન નંબર ૫, શામળાની પોળ સામે, માણેકચોક,

અમદાવાદ-૩૮૦ ૦૦૧

Mo. 094265 93611 / 08905693611

09904500807 / 09904000807





Scanned by CamScanner